

RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 220
Dt.: 22-04-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

### ઉત્સવમાં આતશબાજી માટે ફટાકડા લવાયા હતા

# કેરળમાં ઉત્સવની તૈયારી વચ્ચે ત્રિશૂરમાં ફટાકડા યુનિટમાં ભયાનક બ્લાસ્ટ થયો

**ત્રિશૂર પૂરમની ઉજવણી માટે લવાયેલા ફટાકડા રાખવા માટે પાંચ શેડ બનાવાયા હતા, જેમાં તમામ પાંચેય શેડમાં આગ લાગી ગઈ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) કેરળ

કેરળમાં 'ત્રિશૂર પૂરમ' ઉત્સવની તૈયારીઓ વચ્ચે ભયાનક દુર્ઘટના બની છે. અહીં ત્રિશૂર શહેરમાં મુંડાથિકોડ સ્થિત આજે બપોરે ફટાકડાની ફેક્ટરીમાં ભયાનક વિસ્ફોટ થયો છે. ઘટનામાં છ લોકોના મોત અને ૪૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોમાં ૮ની સ્થિતિ અત્યંત ગંભીર હોવાની પણ માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ અને ફાયર બ્રિગેડના વાહનો તુરંત પહોંચી ગયા છે અને હાલ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ એટલી ગંભીર છે કે, મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ઈજાગ્રસ્તોમાં ૧૮ને ત્રિશૂર મેડિકલ કૉલેજમાં લઈ જવાયા છે.

મળતી માહિતી મુજબ 'ત્રિશૂર પૂરમ'ની ઉજવણીની તૈયારીઓ વચ્ચે આ દુર્ઘટના બની છે. ત્રિશૂર પુરમ કેરળનો સૌથી ભવ્ય અને પ્રસિદ્ધ વાર્ષિક મંદિર ઉત્સવ છે.



આ ઉત્સવને 'પૂરમોંની જનની' પણ કહેવામાં આવે છે. ત્રિશૂરના વડક્કૂનાથન મંદિરમાં મલયાલમ મહિનામાં (એપ્રિલ-મે)માં આ ઉત્સવ ઉજવવામાં આવે છે. ૧૮મી સદીથી શરૂ કરાયેલા આ ઉજવણીમાં સજાવાયેલા હાથીઓ, પારંપરિક ચેંડા મેલમ સંગીત, રંગબેરંગી છત્રીઓનું પ્રદર્શન અને શાનદાર આતશબાજી મુખ્ય આકર્ષણ જમાવે છે.રિપોર્ટ મુજબ, 'ત્રિશૂર પૂરમ' ઉત્સવમાં આતશબાજી કરવા માટે ફટાકડા લાવવામાં આવ્યા હતા, જેને તિરુવંબડીમાં પાંચ શેડની અંદર રખાયા હતા.

ત્યારે મંગળવારે અચાનક આ ફાટકડાઓમાં આગ લાગ્યા બાદ ભાયનક વિસ્ફોટ થયો હતો. જોતજોતામાં ફટાકડા ફૂટવા લાગ્યા હતા. બીજીતરફ આ ઉત્સવ માટે પણ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે,

જ્યારે ૪૦ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થયા છે.૧૮ ઈજાગ્રસ્તોને ત્રિશૂર મેડિકલ કૉલેજમાં દાખલ કરાયા છે, જ્યારે ૨૨ લોકોને અન્ય હોસ્પિટલોમાં ખસેડાયા છે. ત્રિશૂર મેડિકલ કૉલેજમાં દાખલ ૧૮ ઈજાગ્રસ્તોમાંથી ૮ની હાલત ગંભીર હોવાની વિગત સામે આવી છે. ત્રિશૂર પૂરમની ઉજવણી માટે લવાયેલા ફટાકડા રાખવા માટે પાંચ શેડ બનાવાયા હતા, જેમાં તમામ પાંચેય શેડમાં આગ લાગી ગઈ છે. હાલ રાહત અને બચાવની કામગીરી ચાલી રહી છે.

### શિક્ષણ આપવું પવિત્ર મનાતું હવે માત્ર વ્યવસાયઃ હાઈકોર્ટ

# ગરીબોને ભાગ્યે જ ન્યાય મળે છે, શિક્ષણ માત્ર વેપાર બની ગયુંઃ મદ્રાસ હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નાઈ

દેશમાં શિક્ષણના વેપારીકરણ પર તમિલનાડુની મદ્રાસ હાઈકોર્ટે આકરી ટિપ્પણી કરી હતી, હાઈકોર્ટે કહ્યું હતુ કે દેવી સરસ્વતી શિક્ષણનુ પ્રતિક માનવામાં આવે છે જોકે આજકાલ શિક્ષણ માત્ર વેપાર બનીને રહી ગયું છે. એક સમયે આપણા દેશમાં શિક્ષણ આપવાનું કામ પવિત્ર માનવામાં આવતું હતું, પરંતુ આજકાલ હવે શિક્ષણ માત્ર લાભદાયક વ્યવસાય બનીને રહી ગયું છે.



સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે આજકાલ ગરીબ પીડિતો ભાગ્યે જ ન્યાય મેળવે છે. તેનકાસીની સ્કૂલમાં એક વિદ્યાર્થિનીના મોત મામલે યોગ્ય તપાસ ના થતા પિતા દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી જેની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બી પુગાલેંધીએ આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે જે સ્કૂલમાં વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું તે જ સ્કૂલ દ્વારા કેમ્પસની સામે જ એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ચલાવવામાં આવે છે છતા વિદ્યાર્થિનીને ત્યાં દાખલ કરવામાં ના આવી અને તેનું કેમ્પસમાં જ મોત નિપજ્યું. વિદ્યાર્થિનીનું શંકાસ્પદ સ્થિતિમાં મોત નિપજ્યું હતું જ્યારે સ્કૂલ પ્રશાસન તેને અકસ્માત ગણાવી રહ્યું છે. પિતાએ સમગ્ર મામલાની તપાસ ક્રાઈમ બ્રાંચ, સીઆઈડીને સોંપવાની માગ કરતી અરજી કરી હતી.પિતાએ દાવો કર્યો હતો કે ઘટના ત્રણ વાગ્યા આસપાસ બની હતી, સ્કૂલ કેમ્પસમાં ૨૦ પોલીસકર્મીઓ હોવા છતા રાત્રે ૧૦ વાગ્યા સુધી કોઈએ ફરિયાદ દાખલ નહોતી કરી. સ્કૂલ પ્રશાસને સીસીટીવી ફૂટેજ આપવાની ના પાડી દીધી એટલુ જ નહીં મામલાને પતાવવા માટે ૨૦ લાખ રૂપિયાનું વળતર આપવાની પણ તૈયારી દેખાડી હતી. હાઈકોર્ટે દલીલોને યોગ્ય માની હતી અને કહ્યું હતું કે સીસીટીવી કેમેરા હોવા છતા આરોપીઓ સ્કૂલમાંથી બહાર જતા રહ્યા બાદ પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી ના કરવામાં આવી. સામાન્ય રીતે આ વ્યવસ્થામાં ગરીબ પીડિત ભાગ્યે જ ન્યાય મેળવે છે. કેમ્પસ સામે જ સ્કૂલની પોતાની હોસ્પિટલ હોવા છતા ત્યાં પીડિતને દાખલ ના કરવા બદલ સ્કૂલનો ઉધડો લીધો હતો અને કહ્યું હતું કે શિક્ષણ હવે વેપાર બનીને રહી ગયું છે. હાઈકોર્ટે ટોચના અધિકારીને તપાસના આદેશ આપ્યા છે સાથે જ સીસીટીવી ફૂટેજ પણ માગ્યા છે.

# બિહારના નવા મુખ્યમંત્રી દિલ્હી પહોંચ્યા, PM મોદી સાથે કરી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી છે. મુખ્યમંત્રી બન્યા પછી તેઓ પહેલીવાર દિલ્હી ગયા છે, જેને ઔપચારિક રીતે શિષ્ટાચાર મુલાકાત કહેવામાં આવી રહી છે. જોકે, રાજકીય દૃષ્ટિએ આ મુલાકાતને પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે અને બિહારમાં સંભવિત મંત્રીમંડળ વિસ્તરણ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. સમ્રાટ ચૌધરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ મુલાકાત કરી શકે છે. હાલમાં રાજ્યમાં માત્ર મુખ્યમંત્રી અને બે નાયબ મુખ્યમંત્રીઓએ જ શપથ લીધા છે. જનતા દળ (યુનાઈટેડ) તરફથી



બિજેન્દ્ર પ્રસાદ યાદવ અને વિજય ચૌધરીને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે, જ્યારે ભાજપ કોટામાંથી હજુ સુધી કોઈ પણ ધારાસભ્યને મંત્રી બનાવવામાં આવ્યા નથી. આવી સ્થિતિમાં આખું મંત્રીમંડળ લગભગ ખાલી છે, જેના કારણે વહીવટી કામકાજ પર અસર પડી શકે છે. બિહારમાં કુલ ૩૩ મંત્રીઓનું પ્રાવધાન છે, પણ હજુ સુધી એક પણ પૂર્ણ મંત્રીમંડળની રચના થઈ શકી નથી. આવી સ્થિતિમાં નવી સરકારની સામે સૌથી મોટો પડકાર જલદી મંત્રીમંડળનું વિસ્તરણ કરી વહીવટને ગતિ આપવાનો છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, દિલ્હીમાં યોજાનારી આ બેઠકો પછી મંત્રીમંડળ વિસ્તરણની પ્રક્રિયા તેજ થઈ શકે છે અને રાજ્યમાં શાસન વ્યવસ્થાને વધુ મજબૂતી મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૪ એપ્રિલે બિહાર વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. જેમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી વિધાનસભામાં વિશ્વાસ મત પ્રસ્તાવ રજૂ કરશે અને પોતાની સરકારના બહુમતને સાબિત કરવાનો પ્રયાસ કરશે. બિહારમાં એનડીએની સરકાર છે, પણ પહેલીવાર ભાજપના મુખ્યમંત્રી અને જેડીયૂના બે નાયબ મુખ્યમંત્રી બન્યા છે. દ્રહ્છની સરકારમાં પહેલા મુખ્યમંત્રી પદની જવાબદારી નીતિશ કુમાર સંભાળી રહ્યા હતા, જ્યારે ભાજપ કોટામાંથી નાબય મુખ્યમંત્રી બનતા હતા.

### ડિગ્રી સાથે નિયમ મુજબનો અનુભવ પણ એટલો જ અનિવાર્ય

# માત્ર ઉચ્ચ ડિગ્રી સરકારી નોકરી માટેની લાયકાત નથીઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારી નોકરી માટે માત્ર ઉચ્ચ શૈક્ષણિક ડિગ્રી હોવી પૂરતી નથી તેવી ટિપ્પણી કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, જો ઉમેદવાર ભરતીના નિયમો મુજબ જરૂરી અનુભવ ના ધરાવતો હોય તો તે નોકરી માટે લાયક ગણાશે નહીં. જસ્ટિસ જે. કે. માહેશ્વરી અને જસ્ટિસ એ. એસ. ચંદુરકરની બેન્ચે હિમાચલ પ્રદેશ સ્કૂલ શિક્ષણ બોર્ડ દ્વારા કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયરની પોસ્ટ માટે અપનાવવામાં આવેલી ભરતી પ્રક્રિયામાં ખામીની નોંધ લેતાં સ્પષ્ટ કર્યુ હતું કે, જો કોઈ વ્યક્તિ પાસે પાયાની જરૂરી લાયકાત કે અનુભવ ન હોય, તો તેને માત્ર મોટી ડિગ્રી કે મેરિટમાં ઊંચા માર્કસ હોવાને કારણે નોકરી આપી શકાય નહીં. કોર્ટે જણાવ્યું હતું કે, ભરતીના નક્કી કરેલા નિયમોને બદલીને પોતાની મરજી મુજબની લાયકાતને મહત્વ આપવું એ કાયદા વિરુદ્ધ છે. કોર્ટે નોંધ્યું હતું કે, જે ઉમેદવારની પસંદગી કરવામાં આવી હતી, તેની પાસે અરજી કરતી વખતે માત્ર એક જ વર્ષનો અનુભવ હતો. આમ, તે નોકરી માટેના જરૂરી નિયમો પૂર્ણ કરતો ન હોવા છતાં તેની પસંદગી કરવી એ અયોગ્ય હતું.



# ઈરાન-US વચ્ચે મડાગાંઠ યથાવત, યુદ્ધ વિરામની મંત્રણા અધ્ધરતાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

યુએસ-ઈરાન વચ્ચે વાટાઘાટોના બીજા તબક્કા માટે પાકિસ્તાને તમામ તૈયારી કરી લીધી હતી. પરંતુ અમેરિકાએ ઈરાનના કાર્ગો શિપ 'ટોસ્કા' પર હુમલો કરી કબજો જમાવી લેતાં પરિસ્થિતિ વણસી છે. ઈરાને આ પગલાને શસ્ત્ર વિરામનો ભંગ ગણાવી વાટાઘાટોમાં ભાગ લેવા સાફ નનૈયો ભણી દીધો છે. ઈરાન અને અમેરિકા વચ્ચે સર્જાયેલી આ મડાગાંઠના પગલે ઈસ્લામાબાદ ખાતે યોજાનારી બીજા તબક્કાની વાટાઘાટો સામે જોખમ ઊભું થયું છે. ઈરાનનું નાક દબાવવા હોર્મુઝની ખાડી ઉપરાંત ઈરાનના બંદરોની પણ નાકાબંધી કરેલી છે. રવિવારે યુએસ સૈન્ય દ્વારા ઈરાનના જહાજ 'ટોસ્કા' પર હુમલો કરવામાં આવ્યો હતો. જહાજને ક્ષતિગ્રસ્ત કરી અમેરિકી સેનાએ પોતાના કબજામાં લઈ લીધું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, અમેરિકાના સૈન્ય દ્વારા જહાજને આગળ નહીં વધવા ચેતવણી અપાઈ હતી, પરંતુ તેની અવગણના કરી જહાજ આગળ વધ્યું હતું. અમેરિકાએ જહાજના સ્ટિયરિંગ ગીયર અને રડાર પર હુમલા કર્યા હતા. જહાજ મધદરિયે ઠપ થઈ ગયા બાદ તેને જપ્ત કરી લેવાયુ હતું. આ ઘટના બાદ ઈરાને વાટાઘાટોમાં ભાગ લેવા બાબતે અસંમતિ જાહેર કરી છે. યુએસ-ઈરાન વચ્ચે ૭ એપ્રિલે લાગુ થયેલો યુદ્ધ વિરામ બુધવારે પૂરો થઈ રહ્યો છે. આ પૂર્વે વાટાઘાટો માટે યુએસ ઉપપ્રમુખ જે ડી વેન્સ સહિતનું પ્રતિનિધિ મંડળ સોમવારે ઈસ્લામાબાદ પહોંચવાનું હતું. જો કે વેન્સ પાકિસ્તાન જવાના બદલે વ્હાઈટ હાઉસમાં આગામી આયોજનો કરી રહ્યા હોવાના અહેવાલ છે. ઈરાન તરફથી પણ પાકિસ્તાનમાં વાટાઘાટો માટે જવા બાબતે કોઈ ખુલાસો થયો નથી. બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ હવે યુદ્ધ વિરામને લંબાવવાના મૂડમાં સહેજ પણ નથી. યુએસ-ઈરાન વચ્ચે યુદ્ધ વિરામની આશા પર ઠંડુ પાણી ફરી વળતા ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થવાની આશંકા છે. ટ્રમ્પે જણાવ્યુ હતું કે યુએસ-ઈરાન વચ્ચે કરાર ન થાય ત્યાં સુધી અમેરિકાએ હોર્મુઝની ખાડીમાં કરેલી નાકાબંધી હટશે નહીં. હોર્મુઝની ખાડી ખોલવા માટે ઈરાન પર દબાણ વધારવા અમેરિકાએ ઈરાનના બંદરોની નાકાબંધી કરેલી છે. જેના કારણે ઈરાન સાથે સંકળાયેલા ૨૭ જહાજોને પરત ફરવાની ફરજ પડી હતી. રવિવારે તો અમેરિકાએ ઈરાનનું એક જહાજ જપ્ત પણ કરી લીધું હતું. આ ઘટના બાદ અકળાયેલા ઈરાને યુદ્ધ વિરામને અર્થહિન ગણાવી અમેરિકાને વળતા જવાબની ચીમકી આપી છે.ઈરાન-યુએસ યુદ્ધ બાબતે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પ્રથમ વખત જાહેર નિવેદન આપ્યું છે. ઈરાન અને યુએસ દ્વારા હોર્મુઝની ખાડીમાં થયેલી ઘેરાબંધીનો વિરોધ કરતાં તેમણે કહ્યું હતું કે, હોર્મુઝની ખાડી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને સામાન્ય જહાજોની અવર-જવર માટે તે મુક્ત રહેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સમુદાય માટે હોર્મુઝની ખાડી અંકુશ રહિત રહે તે જરૂરી છે.

# દક્ષિણ લેબેનોનના ૨૧ જેટલા ગામોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વેસ્ટ એશિયામાં છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલી સીઝફાયરની સ્થિતિ હાલ અત્યંત નાજુક તબક્કામાં છે. અમેરિકાની મધ્યસ્થતાથી દસ દિવસના યુદ્ધવિરામનો અમલ શરૂ થયો હોવા છતાં, સરહદી વિસ્તારોમાં હજુ પણ તણાવ ચરમસીમાએ છે. ઈઝરાયલની સેનાએ સોમવારે દક્ષિણ લેબેનોનના રહીશોને ચેતવણી આપી છે કે તેઓ સરહદ પાસેના વિસ્તારોમાં ન જાય, તેમજ લિતાની નદીની આસપાસના વિસ્તારોમાં જવાનું ટાળે. ઈઝરાયલના આ કડક વલણ પરથી સ્પષ્ટ જણાય છે કે સીઝફાયર હોવા છતાં દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી સેનાની પકડ હજુ પણ મજબૂત છે અને તેઓ ઉત્તર ઈઝરાયલની સુરક્ષા માટે બફર ઝોન બનાવવાની વ્યૂહનીતિ પર કામ કરી રહ્યા છે.

ઈઝરાયલી સેનાએ સોશિયલ મીડિયા પર નકશો જાહેર કરીને દક્ષિણ લેબેનોનના ૨૧ જેટલા ગામોમાં લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત, ૫૦થી વધુ ગામોમાં લોકોને પરત ફરતા પણ રોકવામાં આવ્યા છે. ઈઝરાયલનું કહેવું છે કે તેઓ નાગરિક માળખામાં છુપાયેલા હિઝબુલ્લાહના નેટવર્કને નષ્ટ કરી રહ્યા છે. બીજી તરફ, લેબેનોનના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે સીઝફાયર પછી પણ ઈઝરાયલે અનેક ગામોમાં મોટા પાયે તબાહી મચાવી છે, જે સ્પષ્ટપણે યુદ્ધ અપરાધ છે. આ ઘટનાક્રમ વચ્ચે અમેરિકા બંને પક્ષો વચ્ચે સીઝફાયર લંબાવવા માટે રાજદૂત સ્તરે બેઠકો યોજી રહ્યું છે, પરંતુ હિઝબુલ્લાહ આ પ્રક્રિયાનો વિરોધ કરી રહ્યું છે.આ સંઘર્ષમાં અત્યાર સુધી લેબેનોનમાં આશરે ૨૩૦૦ લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે હિઝબુલ્લાહના સેંકડો લડાયકો પણ માર્યા ગયા છે. ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ અને લેબેનોન વચ્ચે સીધી વાતચીતની શક્યતાઓ હાલ નહિવત દેખાઈ રહી છે. લેબેનોનની સેના અને સરકાર આ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆત કરી રહી છે, પરંતુ જમીની સ્તરે હજુ પણ સ્થિતિ ગંભીર છે. ઈઝરાયલી સેનાની દક્ષિણ લેબેનોનમાં સતત હાજરી અને સૈન્ય કાર્યવાહીને કારણે આવનારા દિવસોમાં યુદ્ધવિરામ ટકી રહેશે કે કેમ તે અંગે મોટો પ્રશ્ન ઊભો થયો છે.



# તંત્રી લેખ......

## માર્ગ અકસ્માતોની શ્રેણી

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં બસ ઊંડી ખીણમાં પડતા ૨૦થી વધુ મુસાફરોના મોત સૌથી વધુ વારંવાર થતા માર્ગ અકસ્માતોમાંનો એક છે. મૃત્યુઆંક વધુ હોવાને કારણે, ઉચ્ચ સ્તરે શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને અકસ્માતના કારણની તપાસનું આશ્વાસન આપવામાં આવી રહ્યું છે, પરંતુ દરેક જાણે છે કે આવા ખાતરીઓ માર્ગ અકસ્માતો ઘટાડવામાં મદદ કરી રહ્યા નથી. આપણા દેશમાં માર્ગ અકસ્માતો અને મૃત્યુ અને ઈજાઓની સંખ્યા સતત વધી રહી છે. દરેક માર્ગ અકસ્માત પછી, ઘણીવાર એ જ કારણો બહાર આવે છે જેના કારણે ઘણા માર્ગ અકસ્માતો થયા છેઃ ઓવરલોડિંગ, સ્પીડિંગ, બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ, અયોગ્ય ડ્રાઈવરો, ટ્રાફિક નિયમોનું પાલન ન કરવું, અથવા ખરાબ રસ્તાઓ અથવા ખતરનાક વળાંકો. ઉધમપુરમાં ખાડામાં પડી ગયેલી બસ તેની ઝડપી ગતિ અને ઓવરલોડિંગને આભારી છે. એ નોંધવું જોઈએ કે આ એક સરકારી બસ હતી, છતાં તે એટલી ઓવરલોડ હતી કે કેટલાક મુસાફરો ઉભા રહીને મુસાફરી કરી રહ્યા હતા. પર્વતીય રસ્તાઓ પર વધારાની સાવધાની રાખવી જોઈતી હતી, પરંતુ આવું કરવામાં આવ્યું ન હતું. પોલીસને બસ સ્ટેશનથી નીકળતી આ બસની નોંધ લેવામાં આવી હોય તેવી શક્યતા ઓછી છે, પરંતુ આપણા દેશમાં આવા ઉલ્લંઘનો એટલા સામાન્ય બની ગયા છે કે કોઈ તેમના પર ધ્યાન આપતું નથી. વિડંબના એ છે કે મુસાફરો પણ ઘણીવાર ઉભા રહીને મુસાફરી કરવામાં અચકાતા નથી. તેઓ જોખમોનો સામનો કરવા માટે તૈયાર હોય છે. ફક્ત પેસેન્જર વાહનો જ ઓવરલોડ નથી. વાણિજ્યિક વાહનો પણ આવું જ કરે છે, અને આનાથી અકસ્માતો થાય છે.

આપણા નીતિ નિર્માતાઓ માર્ગ અકસ્માતોની વધતી સંખ્યા માટે જવાબદાર તમામ કારણોથી સારી રીતે વાકેફ છે, પરંતુ તેમને સંબોધવાના નામે, ફક્ત ખાલી ખાતરીઓ આપવામાં આવી રહી છે. જાહેર રસ્તાઓથી લઈને હાઈવે સુધી, બાંધકામ એવી રીતે કરવામાં આવી રહ્યું નથી કે જેથી ખાતરી થાય કે તેમની ડિઝાઈનમાં કોઈ ખામી નથી અને બ્લેક સ્પોટ અથવા જોખમી વિસ્તારો બનાવવામાં ન આવે. તેવી જ રીતે, પોલીસ ખાતરી કરવામાં અસમર્થ છે કે કોઈ વાહનચાલક ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન ન કરે. જે રીતે સતત વધતા માર્ગ અકસ્માતો અને તેના પરિણામે થતા મૃત્યુને રોકવા માટે ખાલી ખાતરીઓ આપવામાં આવે છે, અને ફરજને અર્થહીન ગણાવવામાં આવે છે, તે સૂચવે છે કે માનવ જીવનનું મૂલ્ય છે. તે સમજવું વધુ સારું રહેશે કે દર વર્ષે માર્ગ અકસ્માતોમાં લાખો અકાળ મૃત્યુ કાયદાનું પરિણામ નથી, પરંતુ બેદરકારીનું પરિણામ છે.

### દેશમાં આતંક ફેલાવવાનું કરી રહ્યા હતા પ્લાનિંગ

## એટીએસે ગુજરાત અને મુંબઈથી બે યુવકોની ધરપકડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત એટીએસને વધુ એક સફળતા હાથ લાગી છે. એટીએસે ગુજરાત અને મુંબઈથી બે યુવકોની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા મારફતે દેશ વિરોધી કાવતરું રચી ગઝવા-એ-હિંદ સ્થાપિત કરવાની કટ્ટરપંથી વિચારધારા બન્ને યુવકો ધરાવતા હતા. આ લોકો આઈએસઆઈએસ સહિત અન્ય કટ્ટર ઈસ્લામિક માનસિકતા ધરાવતા લોકો સાથે સંપર્કમાં હોવાની માહિતી પણ સામે આવી છે.એટીએસની ગિરફતમાં આવેલા આ બન્ને યુવકો ઈરફાન ખાન પઠાણ અને મુર્શિદ શેખ છે. ઈરફાન મૂળ પાટણનો રહેવાસી છે અને એએમસી કેમિસ્ટ્રીનો અભ્યાસ કર્યો છે. ત્યારે મુર્શિદ મૂળ બિહારનો છે અને મુંબઈમાં નોકરી કરે છે. એટીએસએ માહિતીના આધારે પહેલા ઈરફાનની ધરપકડ કરી ત્યાર બાદ તપાસમાં અન્ય આરોપીને મુંબઈથી પકડી પાડેલ છે. આ લોકો ગઝવા એ હિંદ સ્થાપિત કરવાના ઈરાદા સાથે સોશિયલ મીડિયા ગ્રુપમાં જોડાયા હતા. બન્ને સેલ્ફ રેડિકલ થયેલ હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે, આ લોકો સોશિયલ મીડિયામાં એક ગ્રુપમાં જોડાયેલા હતા. જેમાં ૧૨ જેટલા લોકો સામેલ હતા.

આ લોકો જે ગ્રુપમાં જોડાયેલા હતા એ ગ્રુપમાં આઈએસઆઈએસ અને કટ્ટર ઈસ્લામિક માનસિકતા ધરાવતા લોકો સામેલ હતા. આ બન્ને ભારતમાં અન્ય લોકો રેડિકલ કરવા, આતંક ફેલાવવા ફંડ ભેગા કરવા અને હથિયારો ભેગા કરવા માટેની પ્લાનિંગ કરી રહ્યા હતા. આ લોકોના ટાર્ગેટ ઉપર રાજકીય નેતા, આરએસએસ સાથે સંકળાયેલા લોકો હતા. આ બન્ને દેશમાં કઈ રીતે હથિયાર ચલાવવાની ટ્રેનિંગ, આરડીએક્સ બોમ્બ બનાવવા સાથે અન્ય બોમ્બ કઈ રીતે બનાવી શકાય તે માટે પ્લાનિંગ કરી રહ્યા હતા. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી હથિયાર કઈ રીતે દેશમાં ઘુસાડી શકાય તેની ચર્ચા અને પ્લાનિંગ ગ્રુપમાં કરી રહ્યા હતા.

નોંધનીય છે કે, બન્નેના મોબાઈલમાં વાંધાજનક સાહિત્યો પણ મળી આવ્યા છે અને વધુ તપાસ માટે મોબાઈલ એફએસએલ ખાતે મોકલવામાં આવ્યા છે. હાલ બન્ને ૧૧ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર છે અને તપાસમાં મોટા ખુલાસા થઈ શકે તેમ છે.

### મંત્રણા પહેલા જ ઈરાનની ધમકી

## સીઝફાયર તોડ્યો તો પરિણામ ભોગવવા તૈયાર રહેજો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન- અમેરિકાના યુદ્ધવિરામનો આવતીકાલે (૨૨ એપ્રિલ) છેલ્લો દિવસ છે. બંને દેશોના વિવાદનો ઉકેલ લાવવા માટે પાકિસ્તાની રાજધાની ઈસ્લામાબાદમાં બંને વચ્ચે બીજા તબક્કાની શાંતિ વાર્તા યોજાવાની છે. જોકે તે પહેલા બંને દેશોના આક્રમક વલણે ફરી ચિંતા વધારી દીધી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સીધી જ વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, પરંતુ ઈરાની સેનાએ સ્પષ્ટ કહ્યું છે કે, અમે કોઈપણ હુમલાનો જવાબ આપવા માટે સંપૂર્ણ તૈયાર છીએ. દુશ્મનની કોઈપણ ધમકીનો અમારા પર કોઈ પ્રભાવ પડવાનો નથી અને અમે મજબૂતી સાતે જવાબ આપીશું. ઈરાની સૈન્યના મેજર જનરલ અલી અબ્દોલ્લાહીએ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના સ્થાપના દિવસ નિમિત્તે સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું છે કે, 'ઈરાનની બહાદુર પ્રજાને IRGC અને દેશની રક્ષા કરનારા સૈનિકોની શક્તિઓ, તૈયારીઓ અને વ્યાપક વ્યૂહાત્મક ક્ષમતાઓ પર ગર્વ છે. આ દળોએ મિસાઈલ-ડ્રોન હુમલા કરીને અમેરિકાને દબાણમાં લાવી દીધું છે, જેના કારણે તેઓ થાકી ગયા છે અને યુદ્ધવિરામ કરવા મજબૂર થયા છે.' તેમણે કહ્યું કે, 'ઈરાનની પ્રજા જોશ સાથે રસ્તાઓ પર ઉતરી આવીને દેખાડી દીધું કે તેઓ સશસ્ત્ર દળોનું ભરપૂર સમર્થન કરી રહ્યા છે. ઈરાનના બહાદુર સશસ્ત્ર સૈનિકો, સરકાર અને દેશ માટે સાહસ દેખાડનારી જનતાએ સાથે મળીને, સર્વોચ્ચ કમાન્ડરના નિર્દેશોનું સંપૂર્ણ પાલન કરીને તેઓ એક હોવાનું દેખાડી દીધું છે.

### મ્યુનિકથી બર્લિન સુધી રક્ષામંત્રીનો ખાસ અંદાજ

# જર્મનીના 'બાહુબલી' વિમાનમાં રાજનાથ સિંહની સવારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી





રક્ષામંત્રી રાજનાથ સિંહ મંગળવારે પોતાની ત્રણ દિવસીય સત્તાવાર યાત્રા પર જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા છે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે સંરક્ષણ ઔદ્યોગિક સહયોગને વધુ મજબૂત કરવાનો અને ભારતીય નૌકાદળ માટે છ આધુનિક સબમરીનના સોદાને અંતિમ રૂપ આપવાનો છે. જોકે, આ ડિપ્લોમેટિક પ્રવાસની શરૂઆત એક ખાસ અને અત્યંત સુરક્ષિત અનુભવ સાથે થઈ હતી. રક્ષામંત્રીને મ્યુનિકથી બર્લિન સુધી જર્મનીના સૌથી શક્તિશાળી લશ્કરી પરિવહન વિમાન **Airbus A400M Atlas**માં લાવવામાં આવ્યા હતા. સુરક્ષાના દષ્ટિકોણથી આ વિમાનને જર્મન વાયુસેનાના ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ કરવામાં આવ્યું હતું, જે ભારત પ્રત્યે જર્મનીના ઊંડા સન્માનને દર્શાવે છે. એરબસ **A400M** એટલાસ એક અત્યાધુનિક, ચાર એન્જિન વાળું 'મલ્ટી-રોલ' સૈન્ય પરિવહન વિમાન છે. તેને આધુનિક યુદ્ધક્ષેત્રની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. આ માત્ર એક માલવાહક વિમાન નથી, પરંતુ તે વ્યૂહાત્મક (લાંબા અંતર) અને સામરિક (યુદ્ધક્ષેત્રની નજીક) બંને પ્રકારના મિશનમાં સક્ષમ છે. આ વિમાન અમેરિકન ઝ-૧૩૦ હર્ક્યુલસ અને વિશાળકાય C-૧૭ ગ્લોબમાસ્ટર વચ્ચેના અંતરને પૂરે છે.

શક્તિશાળી એન્જિનઃ તેમાં ચાર યુરોપ્રોપ **TP400-D6** ટર્બોપ્રોપ એન્જિન લાગેલા છે. રસપ્રદ વાત એ છે કે તેના એન્જિન 'કાઉન્ટર-રોટેટિંગ' છે, એટલે કે એક પાંખના પ્રોપેલર ઘડિયાળની દિશામાં ફરે છે અને બીજાના તેની વિરુદ્ધ દિશામાં. આનાથી વિમાનને હવામાં જબરદસ્ત સ્થિરતા અને નિયંત્રણ મળે છે.

ભારે પેલોડ ક્ષમતાઃ આ વિમાન ૩૭ ટન સુધીનું વજન ઉઠાવી શકે છે. તેમાં લડાયક હેલિકોપ્ટર (જેમ કે ટાઈગર અથવા **NH90**), ઈન્ફન્ટ્રી ફાઈટીંગ વ્હીકલ (જેમ કે પુમા), અથવા ૧૧૬ સંપૂર્ણ રીતે સજ્જ સૈનિકો એકસાથે જઈ શકે છે.

મુશ્કેલ રસ્તાઓનો ઉસ્તાદઃ **A400M**ની સૌથી મોટી ખાસિયત તેની 'શોર્ટ ટેક-ઓફ અને લેન્ડિંગ' (**STOL**) ક્ષમતા છે. તે કાચા રનવે, ઘાસના મેદાન કે રેતાળ જગ્યાઓ પર પણ સરળતાથી ઉતરી શકે છે અને ઉડાન ભરી શકે છે.

હવામાં ઈંધણ ભરવું (**Tanker Role**): આ વિમાન બે કલાકની અંદર એક ટેક્રરમાં ફેરવી શકાય છે, જે હવામાં જ અન્ય લડાયક વિમાનો અને હેલિકોપ્ટરોમાં ઈંધણ ભરવાની ક્ષમતા ધરાવે છે.

ફલાય- બાય-વાયર ટેકનોલોજીઃ તેમાં ફાઈટર જેટ્સ જેવી આધુનિક 'ફલાય-બાય-વાયર' કંટ્રોલ સિસ્ટમ અને હેડ-અપ ડિસ્પ્લે (**HUD**) આપવામાં આવી છે, જેનાથી પાયલોટને ખરાબ હવામાનમાં પણ સચોટ નેવિગેશન મળે છે. આ વિમાનનું નિર્માણ **Airbus Defence and Space** દ્વારા કરવામાં આવે છે. આ એક યુરોપિયન કન્સોર્ટિયમ છે જેમાં જર્મની, ફ્રાન્સ, સ્પેન અને બ્રિટન જેવા દેશો સામેલ છે. તેનું મુખ્ય નિર્માણ સ્થળ સ્પેનના સેવિલે (**Seville**)માં છે.જર્મની (**Luftwaffe**): તેની પાસે સૌથી મોટો કાફલો છે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં જર્મનીએ તેના ઓર્ડર કરેલા તમામ ૫૩ વિમાનો પ્રાપ્ત કરી લીધા છે.

ફ્રાન્સઃ અંદાજે ૨૫ વિમાન.

યુનાઈટેડ કિંગડમઃ ૨૨ વિમાન.સ્પેનઃ ૧૪ વિમાન.

રાજનાથ સિંહની આ યાત્રા દરમિયાન સબમરીન ડીલ (**P-75I**)ની સાથે સાથે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ સંયુક્ત વિકાસ અને ઉત્પાદન પર પણ ચર્ચા થવાની છે. જર્મનીના રક્ષામંત્રી બોરિસ પિસ્ટોરિયસ સાથે થનારી આ બેઠક સંરક્ષણ ક્ષેત્રમાં ભારત-જર્મનીની ભાગીદારીને એક નવી ઊંચાઈ પર લઈ જશે. જે રીતે રાજનાથ સિંહને **A400M** જેવા સુરક્ષિત અને અત્યાધુનિક વિમાનમાં બર્લિન લાવવામાં આવ્યા, તે ભારતની ઉભરતી વૈશ્વિક શક્તિ અને જર્મની સાથે ગાઢ થતા સંરક્ષણ સંબંધોનું પ્રતીક છે.

### યુદ્ધની સુરતમાં સીધી અસર

## શ્રમિકોની હિજરતથી સુમુલના પ્લાન્ટ્સને તાળાં

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

અમેરિકા અને ઈરાન વચ્ચે છેડાયેલા યુદ્ધની સીધી અને આકરી અસર સુરતની સુમુલ ડેરી સુધી પહોંચી છે. રાંધણ ગેસના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે શ્રમિકો માટે બે ટંકનું ભોજન બનાવવું પણ દુષ્કર બનતા ડેરીમાં કોન્ટ્રાકટ પર કામ કરતા કામદારોએ વતનની વાટ પકડી છે.આ શ્રમિકોની અછતને પગલે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન સુમુલ ડેરીના નવી પારડી સ્થિત મહત્ત્વના પ્લાન્ટ્સ બંધ કરવાની ફરજ પડી છે.આ પ્લાન્ટ બંધ થતાં હાલ બજારમાં સુમુલ ડેરીનું બફેલો મિલ્કની એક અને છ લીટરની થેલી મળતી નથી. આ સાથે જ ઈલાયટની નાની અને સ્લીમ એન્ડ ટ્રીમ દૂધની નાની થેલી પણ મળતી નથી. જ્યારે વીતેલા ચારેક દિવસથી મસાલા છાસ પણ બજારમાંથી ગાયબ થઈ ગઈ છે.અમેરિકા-ઈરાન યુદ્ધની સૌથી માઠી અસર ગરીબ અને મધ્યમ વર્ગના શ્રમિકો પર પડી છે. થાકી હારીને સુમુલ ડેરીના અલગ અલગ પ્લાન્ટ્સમાં કામ કરતા અંદાજે ૭૦૦થી વધુ કુશળ અને અકુશળ શ્રમિકોએ વતન તરફ હિજરત કરી છે. કામદારોએ વતનની વાટ પકડતાં સુમુલ ડેરીએ નવી પારડી સ્થિત દહીં, પનીર, મિઠાઈ અને બેકરી આઈટમ બનાવતા પ્લાન્ટને બંધ કરવો પડ્યો છે. હાલ દહીં, મિઠાઈ અને બેકરી આઈટમનો સ્ટોક નથી.નવી પારડીના ૫૦ ટકા કામદારો અને સુરત સ્ટેશન સ્થિત સુમુલ ડેરીના પ્લાન્ટના ૫૦ ટકા કામદારો પલાયન થઈ જતાં દુધની થેલીના ઉત્પાદનને પણ માઠી અસર પહોંચી છે.

હવે દૂધનું વિતરણ નહીં ખોરવાઈ તેથી નવી પારડીના કામદારોને સુરત લાવી અમૂલ ગોલ્ડ સહિતની પ્રોડક્ટનું ઉત્પાદન કાર્યરત રાખવામાં આવ્યું છે. જોકે, અનુભવી કામદારોની અછતને કારણે ઉત્પાદન ઉપર અસર વર્તાઈ રહી છે. સુમુલ ડેરીના પ્લાન્ટની કેપેસિટી ક્ષમતા કરતા ઓછી થઈ ગઈ છે.

## પશ્ચિમ રેલવે દ્વારા પાલનપુર—અમદાવાદ ખંડ પર ગતિ ક્ષમતા વધારવા માટે કાર્ય પ્રગતિ પર

પશ્ચિમ રેલવે દ્વારા પાલનપુર—અમદાવાદ રેલખંડ પર ટ્રેનોની ગતિ ક્ષમતા ૧૩૦ કિમી/કલાક સુધી વધારવા માટે અવસંરચના સશક્તિકરણનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

આ ક્રમમાં કરજોડા—પાલનપુર સ્ટેશનો વચ્ચે આવેલા મુખ્ય પુલ નં. ૮૬૭ના એપ્રોચ પર જિયો સેલ અને બ્લેક્કેટિંગ સામગ્રી નાખવામાં આવી રહી છે.

આ કાર્ય પૂર્ણ થયા પછી આ ખંડમાં ટ્રેનોની ગતિમાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે મુસાફરોનો મુસાફરી સમય ઓછો થશે અને તેઓ પોતાના ગંતવ્ય સુધી વધુ ઝડપથી પહોંચી શકશે.

ઉપરાંત, માલગાડીઓની ઝડપી અને સરળ અવરજવર થવાથી માલ પરિવહન પ્રણાલીને પણ મજબૂતી મળશે, જેથી સમગ્ર રેલ સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે.

ઉલ્લેખિત કાર્યને સરળતાથી પૂર્ણ કરવા માટે તારીખ ૨૧ એપ્રિલ ૨૦૨૬ (મંગળવાર)ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

બ્લોકને કારણે ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ (સાબરમતી—જોધપુર) તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાબરમતી—આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે **www. enquiry. indianrail.gov.in** ની મુલાકાત લો.

## પાટણમાં ભાજપ નેતાનો બેફામ વાણી વિલાસ કહ્યું કે કોંગ્રેસના ઉમેદવારો છે ઘોડા જેવા પણ મહોરૂ ગધેડાનુ પહેર્યુ




પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ નગરપાલિકાની ચુંટણીના પ્રચારમાં રાજકીય ગરમાવો આવ્યો છે. પાટણ નગરપાલિકાની વોર્ડ નં. ૨ ના ચુંટણી કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાજપ ડોકટર સેલના સભ્ય ડોકટર સેવંતીલાલ પટેલે બેફામ નિવેદન આપતા વિવાદ સર્જાયો છે.

તેમણે કોંગ્રેસના ઉમેદવારો પર પ્રહાર કરતા કહ્યું હતુ કે ઉમેદવારો ઘોડા જેવા છે. પણ મહોરૂ ગધેડાનુ પહેર્યુ છે.

### ૮થી વધુ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણનો ચોંકાવનારો ખુલાસો

## ગુજરાતમાંથી બાળ તસ્કરી કરતી આંતરરાજ્ય ટોળકી ઝડપાઇ

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચ (**LCB**) દ્વારા આંતરરાજ્ય સ્તરે કાર્યરત બાળ તસ્કરીની "મુરગન ગેન્ગ" તરીકે ઓળખાતી ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓને તેલંગાણામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસની સમગ્ર તપાસ દરમિયાન **8**થી વધુ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વડગામ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવતા ધનપુરા-જલોત્રા હાઈવે નજીકથી એક ચાર વર્ષીય બાળકનું અજાણ્યા વ્યકિતઓ દ્વારા કારમાં અપહરણ કરાયું હતું. ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ જિલ્લા પોલીસવડા પ્રશાંત સુંબેની સૂચના અન્વયે પોલીસે ગણતરીના કલાકોમાં શૈલેષ ગમાર અને પાબુ ભગોરા સહિતના આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી અપહરણ થયેલા બાળકને હેમખેમ છોડાવવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ સમગ્ર નેટવર્ક અનેક રાજ્યોમાં ફેલાયેલ છે. જેથી **LCB**ની ટીમે આ કેસમાં ટેકનોલોજી, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પણ સમાવેશ થાય છે. તેનો ઉપયોગ કરી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી તેમજ પોલીસની વિશેષ ટીમોને તેલંગાણા મોકલી ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યાંથી બાળ તસ્કરી ગેન્ગના મુખ્ય સૂત્રધાર સહિત તેના બે સાથીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસમાં વધુ એક ચોંકાવનારી હકિકત સામે આવી હતી કે, મુખ્ય સૂત્રધાર અને તેની પત્ની હૈદરાબાદના વિવિધ **IVF** સેન્ટરો સાથે સંકળાયેલા હતા. તેઓ ગર્ભધારણમાં અસમર્થ મહિલાઓ માટે અન્ય મહિલાઓની વ્યવસ્થા કરતા અને તેના બદલામાં કમિશન મેળવતા હતા. બાદમાં તેઓ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણના ધંધામાં પ્રવેશ્યા હતા, જ્યાંથી તેમને વધુ નફો મળતો હતો. બાળ તસ્કરી ગેન્ગ દ્વારા આ તમામ વ્યવહારો અલગ-અલગ એજન્ટો મારફતે કરવામાં આવતા હતા. જેમાં હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને વિજયવાડાના એજન્ટો સામેલ હતા.બનાસકાંઠા પોલીસે અત્યારે પકડેલા આરોપીઓમાં **1.** બોદાશું નાગારાજુ ઉર્ફે મુરુગન બોદાશું વેકંટી (સિરપુર કાગજનગર, તેલંગાણા), કાસરાપુ તિરુપથી કસરાપુ મલ્લાલહ (સિરિકોંડા, તેલંગાણા), કેલેટી ગંગાધર ગંગારાજન (મુદલતા, તેલંગાણા) સમાવેશ થાય છે. અગાઉ શૈલેષભાઈ લાડુભાઈ ગમાર (રહે. વાઘોર તા. દાંતા), પાબુ ઉર્ફે બાબુ મુંગળાભાઈ ભગોરા (રહે. ખાપરા તા. અમીરગઢ) અને કાયદાના સંઘર્ષમાં આવેલો કિશોરને ઝડપી પાડ્યો હતો.

## ધગધગતી ગરમીથી મળશે રાહતઃ મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી

### પાલઘર, રાયગઢ અને થાણેના કેટલાક ભાગોમાં ભારે પવન, ગાજવીજ અને વીજળી સાથે હળવો વરસાદ થવાની સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મંગળવારે ૨૧ એપ્રિલે મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ કલાક દરમિયાન, મુંબઈ, તેના ઉપનગરો, પાલઘર, રાયગઢ અને થાણેના કેટલાક ભાગોમાં ભારે પવન, ગાજવીજ અને વીજળી સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે. હાલમાં, થાણે અને ડોમ્બિવલી વિસ્તારોમાં હળવો ઝરમર વરસાદ ચાલુ છે. આ સમયગાળા દરમિયાન, કેટલાક સ્થળોએ ગાજવીજ, ભારે પવન અને કરા પડવાની પણ આગાહી છે. હવામાન વિભાગ અનુસાર, આ પ્રદેશોમાં તોફાની પરિસ્થિતિઓ બનવાની સંભાવના છે. વરસાદની અસર મોટાભાગના વિસ્તારોમાં અનુભવાય તેવી સંભાવના છે. પુણે, મરાઠવાડાના દક્ષિણ ભાગો, છત્રપતિ સંભાજીનગર પ્રદેશ અને વિદર્ભના અમરાવતીમાં પણ તોફાન સાથે વરસાદની અપેક્ષા છે.

મંગળવાર (૨૧ એપ્રિલ) અને બુધવાર (૨૨ એપ્રિલ) ના રોજ રાજ્યભરમાં હવામાન ખુશનુમા રહેવાની ધારણા છે. મુંબઈ, તેના ઉપનગરો, પાલઘર, રાયગઢ અને થાણેના કેટલાક ભાગોમાં ગાઢ વાદળછાયા વાતાવરણની આગાહી છે. ભારે પવન સાથે ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા દર્શાવવામાં આવી છે. નિષ્ણાતો હવામાન પ્રણાલીના અચાનક સક્રિય થવાને કારણે હવામાનમાં આ ફેરફારને આભારી છે.

કૃષિ વિભાગે પહેલાથી જ પ્રદેશના ખેડૂતોને સતર્ક રહેવાની અપીલ કરી છે. વિભાગે ખેડૂતોને હવામાનની આગાહી અનુસાર તેમની કૃષિ પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને તેમના પાકને સુરક્ષિત રાખવા માટે તાત્કાલિક જરૂરી પગલાં લેવાની સલાહ આપી છે. ખેડૂતોને લણણી કરેલા પાકને ખુલ્લામાં ન છોડવાની સલાહ આપવામાં આવી છે. પાકને સુરક્ષિત જગ્યાએ સંગ્રહ કરવા અથવા તાડપત્રી અથવા રક્ષણાત્મક ચાદરથી ઢાંકીને સુરક્ષિત કરવા કહેવામાં આવ્યું છે. વાવાઝોડા, વરસાદ અને સંભવિત કરા પડવાથી પાકને થતા સંભવિત નુકસાનને રોકવા માટે અસરકારક પગલાં અમલમાં મૂકવા ખેડૂતોને સલાહ આપવામાં આવી છે.

વધુમાં, હવામાનની સ્થિતિમાં અચાનક બગાડ થવાના કિસ્સામાં નુકસાન ટાળવા માટે, કૃષિ પેદાશો, શાકભાજી અને અન્ય લણણી કરેલા ઉત્પાદનોને ખુલ્લામાં ન છોડવા અંગે સૂચનાઓ આપવામાં આવી છે.

## હોર્મુઝ ટેન્શન વચ્ચે ભારત અને રશિયાનો મોટો ખેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી નાકેબંધીના કારણે વિશ્વભરમાં ઓઈલ અને ગેસના પુરવઠાને લઈને ચિંતા વધી છે. આ કટોકટીના સમયે ભારતે અત્યંત સમજદારીપૂર્વકનું પગલું ભર્યું છે. ભારત સરકારે રશિયાથી ઓઈલ લાવતા જહાજો માટે વીમો આપતી રશિયન કંપનીઓની સંખ્યા વધારવાનો નિર્ણય લીધો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ(**DGS**) દ્વારા અગાઉ ૮ કંપનીઓને મંજૂરી અપાઈ હતી, જે હવે વધારીને ૧૧ કરી દેવામાં આવી છે. ભારતનો આ નિર્ણય દેશની ઊર્જા સુરક્ષા માટે એક મજબૂત 'સુરક્ષા કવચ' સમાન માનવામાં આવે છે.

આ કંપનીઓ જહાજોને ખાસ પ્રકારનો વીમો પૂરો પાડે છે, જેને **P&I** કવરકહેવામાં આવે છે. આ વીમા વગર કોઈપણ જહાજ આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં કાર્ય કરી શકતું નથી. રશિયા પર પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે યુરોપિયન વીમા કંપનીઓએ રશિયન તેલ વહન કરતા જહાજોને વીમો આપવાનું બંધ કર્યું હતું. ભારત હાલમાં રશિયા પાસેથી મોટી માત્રામાં સસ્તું તેલ ખરીદી રહ્યું છે, તેથી તેલ પુરવઠામાં કોઈ અડચણ ન આવે તે માટે ભારતે રશિયન અને દુબઈ સ્થિત કંપનીઓને મંજૂરી આપીને આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધી કાઢ્યો છે. ભારતે માત્ર વર્તમાન જ નહીં પરંતુ આગામી ઘણા વર્ષોનું આયોજન કરી લીધું છે. ગઝપ્રોમ ઈન્શ્યોરન્સ અને રોસગોસ્ત્રાખ જેવી મોટી રશિયન કંપનીઓને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી, જ્યારે **VSK**, સોગાઝ અને આલ્ફાસ્ટ્રાખોવાની જેવી કંપનીઓને ૨૦૩૦ સુધી કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત, કોઈ એક પર નિર્ભરતા ઘટાડવા માટે દુબઈ સ્થિત 'ઈસ્લામિક પ્રોટેક્શન એન્ડ ઈન્ડેમ્નિટી ક્લબ'ને પણ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી સેવાઓ આપવાની પરવાનગી મળી છે. વિશ્વમાં ઓઈલ આયાત કરતો ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે. ઓઈલનો મોટો હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થાય છે, જ્યાં અત્યારે ભારે તણાવ છે. જો આ રસ્તો બંધ થાય કે તેમાં અડચણ આવે તો ભારતની અર્થવ્યવસ્થા પર સીધી અસર પડી શકે તેમ છે. આ કપરા સમયમાં રશિયન ઓઈલ માટે વીમા વ્યવસ્થા મજબૂત કરીને ભારતે ખાતરી કરી છે કે દેશમાં ઓઈલ અને ગેસની કોઈ અછત સર્જાશે નહીં.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૪૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૭૬ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૫ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૫૯૯.૩૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૧૮૮૧૩.૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૧૫૫.૬૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૩૭૪૧૩.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૫૯૯.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૧૮૮૧૩.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૪૪૬.૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૧૫૫.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૯૯૨ અને નીચામાં રૂ.૧૫૩૩૬૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૩૯૪૩ના આગલા બંધ સામે રૂ.૨૪૩ ઘટી રૂ.૧૫૩૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૮ વધી રૂ.૧૨૨૭૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૧૫૩૮૩ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩ ઘટી રૂ.૧૫૨૩૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૫૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૮૪૭ અને નીચામાં રૂ.૧૫૨૧૧૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૫૭૧ના આગલા બંધ સામે રૂ.૭૨ વધી રૂ.૧૫૨૬૪૩ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૫૦૪૨૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૧૯૬૯ અને નીચામાં રૂ.૨૫૦૨૧૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૫૪૫ના આગલા બંધ સામે રૂ.૧૫૭૬ ઘટી રૂ.૨૫૦૯૬૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૭૨૧ ઘટી રૂ.૨૫૩૨૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૭૪૫ ઘટી રૂ.૨૫૩૨૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૨૯૮.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૨.૬૫ વધી રૂ.૧૨૭૨.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૩.૪૫ વધી રૂ.૩૪૩.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૧.૫ વધી રૂ.૩૬૬.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૧૯૭.૧ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૦૨૮.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૮ અને નીચામાં રૂ.૪૯૪૩ના મથાળે અથડાઈ, રૂ.૧૨ વધી રૂ.૪૯૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૮૧૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૨૧૨ અને નીચામાં રૂ.૮૦૨૨ના સ્તરને સ્પર્શી, રૂ.૮૧૮૪ના આગલા બંધ સામે રૂ.૫ ઘટી રૂ.૮૧૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૬ ઘટી રૂ.૮૧૭૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ ૩૦ પૈસા ઘટી રૂ.૨૫૧.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૫૧.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૯ના ભાવે ખૂલી, રૂ.૪.૮ વધી રૂ.૧૦૦૮.૫ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૯૩૪ના ભાવે ખૂલી, રૂ.૧૩ ઘટી રૂ.૨૯૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૩૬.૪૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૭૧૯.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૨૮.૯૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૫.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૪.૬૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૨.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૯૯.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૧૯.૬૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૪૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૯૯૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૧૭૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૪૩૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૭૩૧૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૦૦૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૯૯૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૬૩૭૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૧૭૬૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૭૮૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૦૭૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૩૬૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૭૧૦૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૧૪૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૧૦૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૨ પોઈન્ટ ઘટી ૩૭૧૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.


કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૫ વધી રૂ.૨૫૮.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૪.૭ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧ ઘટી રૂ.૫૬૯ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૬૯ ઘટી રૂ.૧૫૮૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૫ ઘટી રૂ.૨.૭૭ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૮ ઘટી રૂ.૧.૦૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૧ વધી રૂ.૭૦૫.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૪.૭૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩.૫ ઘટી રૂ.૨૫૫ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૦૭.૫ ઘટી રૂ.૬૧૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૫ વધી રૂ.૧૮૫.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૫ પૈસા ઘટી રૂ.૩.૫૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭.૫ ઘટી રૂ.૩૫૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૩૮૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૦ પૈસા ઘટી રૂ.૦.૨૭ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧ પૈસા વધી રૂ.૦.૦૨ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૧.૧૫ વધી રૂ.૬૦૯.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૩.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ ઘટી રૂ.૧૧૪૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૦૫ ઘટી રૂ.૩૩૩ થયો હતો.




બેંકમાં તમારા પૈસા કેટલા સુરક્ષિત ? ગ્રાહકોના રક્ષક જ બન્યા ભક્ષક, ૨૦ લોકોની ધરપકડથી ખળભળાટ

# રાજકોટમાં રૂપિયા ૨૫૦૦ કરોડનુ મહાકૌભાંડ: એચડીએફસી, એક્સિસ અને યસ બેંક ના અધિકારીઓ જ નિકળ્યા માસ્ટર માઈન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકોટમાં બેંકિંગ સુરક્ષા અને વિશ્વાસને હચમચાવી દેતો એક મોટુ કૌભાંડ બહાર આવ્યુ છે. બેંકિંગ સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો ફાયદો ઉઠાવીને આશરે રૂપિયા ૨૫૦૦ કરોડનુ સાયબર ફ્રોડ આચરનાર એક વિશાળ ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં સૌથી આઘાતજનક બાબત એ છે કે જે બેંક અધિકારીઓના ખભે ગ્રાહકોના પૈસાની સુરક્ષાની જવાબદારી હતી, તેઓ જ આ કાળા કારોબારમાં સામેલ નિકળ્યા છે.




રાજકોટ પોલીસે દેશની ૩ મોટી ખાનગી બેંકો યસ બેંક, એક્સિસ બેંક અને એચડીએફસી બેંકના અધિકારીઓની ધરપકડ કરી છે. આ મામલાએ સમગ્ર દેશના બેંકિંગ સેકટરમાં ખળભળાટ મચાવી દીધો છે. રાજકોટ પોલીસ અધિક્ષક વિજય ગુર્જરે આ હાઈ પ્રોફાઈલ કેસ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ કૌભાંડમાં સંડોવાયેલા બેંક અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. જાળસાજો માટે રસ્તો સરળ બનાવ્યો હતો. ધરપકડ કરાયેલા કેટલાક નામો અને તેની ફરજો જણાવેલ છે.

જેમાં પડધરી યસ બેંકના મેનેજર મૌલિક કમાણીએ કહ્યું હતુ કે પર્સનલ મેનેજર તરીકે શંકાસ્પદ ખાતાઓ ખોલવામાં અને બેંકના ઈન્ટરનલ એલર્ટસને દબાવવામાં મુખ્ય ભુમિકા ભજવી હતી.

તો બીજી તરફ એક્સિસ બેંક જામનગરના મેનેજર કલ્પેશ ડાંગરીયાએ જણાવ્યુ હતુ કે તેઓ મેનેજર તરીકે કાર્યરત હતા, તેમણે નકલી આઈકાર્ડ અને એપીએમસી (એપીએમસી) ના ખોટા દસ્તાવેજો બનાવીને મોટા વ્યવહારોને કાયદેસર બતાવવામાં મદદ કરી હતી, તો બીજી તરફ રાજકોટ એચડીએફસી બેંકના પર્સનલ બેંકર અનુરાગ બલઘા એ જણાવ્યુ હતુ કે પર્સનલ બેંકર તરીકે કામ કરતા અનુરાગે યોગ્ય વેરીફીકેશન કર્યા વગર જ આ ગેંગ માટે નવા ખાતાઓ ખોલી આપ્યા હતા. તપાસમાં બહાર આવ્યુ હતુ કે આ અધિકારીઓ માત્ર મદદગાર ન હતા પરંતુ આ ટોળકીના સક્રિય સભ્યોની જેમ કામ કરતા હતા, જયારે પણ આ શંકાસ્પદ ખાતાઓમાં કરોડો રૂપીયાની લેવડ દેવડ થતી હતી ત્યારે બેંકની સિસ્ટમ રેડ ફલેગ એટલે કે જોખમનો સંકેત આપતી હતી, સામાન્ય સંજોગોમાં આવા ખાતા બ્લોક થઈ જવા જોઈએ, પરંતુ મૌલિક કમાણી જેવા અધિકારીઓ નકલી દસ્તાવેજો લગાવીને તે ખાતાઓને ફરી ચાલુ કરાવી દેતા હતા. તો બીજી તરફ કલ્પેશ ડાંગરીયાએ કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

જેથી એવુ લાગે કે કરોડોના આ વ્યવહારો ખેતીના વેપાર સાથે જોડાયેલા છે અને તપાસ એજન્સીઓની નજરમાં ન આવે. પોલીસની તપાસમાં અત્યાર સુધીમાં ૮૫ એવા બેંક ખાતા મળી આવ્યા છે, જેના દ્વારા અંદાજે રૂપીયા ૨૫૦૦ કરોડ નુ ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યુ હતું. શરૂઆતમાં આ આંકડો ૧૫૦૦ કરોડ હોવાનુ મનાતુ હતું. પરંતુ જેમ જેમ તપાસ આગળ વધી તેમ તેમ કૌભાંડની જટીલ પરતો ખુલી ગઈ, સાયબર ક્રાઈમ પોર્ટલ પર આ ટોળકી વિરૂધ્ધ અત્યાર સુધીમાં ૫૩૫ ફરીયાદો નોંધાઈ ચુકી છે. જે દર્શાવે છે કે આ નેટવર્ક કેટલુ મોટુ હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ કરોડો રૂપીયાની જંગી કેસ જથ્થો (હવાલા) મારફતે અન્ય સ્થળોએ પહોચાડવામાં આવ્યો હોવાની આશંકા છે. પકડાયેલા અધિકારીઓના મોબાઈલ ફોનમાંથી ઘણા મહત્વના ડીઝીટલ પુરાવા અને ચેટસ મળી આવ્યા છે. જે સાબિત કરે છે કે તેઓ સીધી રીતે જાળસાજો ના સંપર્કમાં હતા અને કમિશન મેળવતા હતા. હાલમાં આ ત્રણેય અધિકારીઓ પોલીસ રીમાન્ડ પર છે. જયારે ટોળકીના અન્ય ૧૭ સભ્યો જેલના સળીયા પાછળ છે.

# રેલવે સુરક્ષા બળ દ્વારા રેલવે જમીન પરથી ગેરકાયદેસર રીતે વૃક્ષોની કાપણી અને ચોરી કરનાર આરોપીઓ સામે કાર્યવાહી

રેલવે સુરક્ષા બળની અંકલેશ્વર ટીમ દ્વારા રેલવે સંપત્તિની સુરક્ષા અંતર્ગત એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરતાં રેલવે જમીન પર આવેલા વૃક્ષોની ગેરકાયદેસર કાપણી અને ચોરીમાં સંકળાયેલા ૦૯ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.




પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ નોટ મુજબ તા. ૧૮.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા મંડળના કોસાડ અને ગોઠણગામ રેલવે સ્ટેશનો વચ્ચે રેલવે જમીન પરથી વૃક્ષો કાપીને ચોરી કરવામાં આવી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ રેલવે સુરક્ષા બળ, અંકલેશ્વરની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને સ્થળ પર દરોડો પાડ્યો, જેમાં ૦૯ આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા. ગિરફ્તાર વ્યક્તિઓ પાસેથી રેલવેના બબૂલના વૃક્ષોની લાકડીઓ જપ્ત કરવામાં આવી, જેનું કુલ વજન ૨૧,૯૮૫ કિલોગ્રામ છે અને અંદાજિત કિંમત રૂા.૧,૩૧,૯૧૦/- છે. આ ઉપરાંત ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા ૦૨ ટ્રક, એક ઈલેક્ટ્રોનિક કટર મશીન તથા ૦૨ કુલ્હાડીઓ પણ જપ્ત કરવામાં આવી છે.

આ મામલે આરોપીઓ વિરુદ્ધ રેલવે સંપત્તિ (અનધિકૃત કબજો) અધિનિયમની કલમ ૩ હેઠળ તા. ૧૯.૦૪.૨૦૨૬ના રોજ કેસ નોંધવામાં આવ્યો છે? મામલાની તપાસ રેલવે સુરક્ષા બળ દ્વારા કરવામાં આવી રહી છે? ધરપકડ કરાયેલા ૦૯ આરોપીઓમાંથી ૦૨ ને હાલમાં ન્યાયિક કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બાકીના ૦૭ આરોપીઓને માનનીય રેલવે કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. વડોદરા મંડળના રેલવે સુરક્ષા બળ દ્વારા રેલવે સંપત્તિની સુરક્ષા માટે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

સાબરકાંઠામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી સંદર્ભે કલેકટરની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

# વહિવટી તંત્ર સજજ: ૧૦.૩૬ લાખ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ: સુરક્ષા માટે ૧ હજાર થી વધુ પોલીસ જવાનો તૈનાત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી સામાન્ય અને પેટા ચુંટણી મુકત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા કલેકટર ના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં કલેકટરે ચુંટણીલક્ષી આંકડાકીય વિગતો, સુરક્ષા વ્યવસ્થા અને જનજાગૃતિના કાર્યક્રમો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કલેકટરે વધુમાં જણાવ્યુ હતુ કે જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની સામાન્ય તથા પેટા ચુંટણી માટે આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૭ થી સાંજના ૬ કલાક સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ ચુંટણીમાં જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૭૦ બેઠકો પર મતદાન થશે, નગરપાલિકાઓના હિંમતનગર ૧૧ વોર્ડ, ઈડર ના ૭ વોર્ડ, વડાલીના ૬ વોર્ડ અને પ્રાંતિજ(પેટા ચુંટણી) ના વોર્ડ નં. ૨ ની ૧ બેઠકનો સમાવેશ થાય છે. ચુંટણી બાદ મતગણતરીની પ્રક્રિયા ૨૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ સવારે ૯ કલાક થી શરૂ કરવામાં આવશે. ચુંટણીના હરીફ ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ કરતા કલેકટરે ઉમેર્યુ હતુ કે જિલ્લા પંચાયત માટે ૧૦૭, તાલુકા પંચાયત માટે ૫૦૦ અને નગરપાલિકાઓ માટે ૨૩૧ હરીફ ઉમેદવારો મેદાનમાં છે. જો કે તાલુકા પંચાયતની ૩ બેઠકો (વકતાપુર, નિકોડા અને પીલુદ્રા ) અને હિંમતનગર નગરપાલિકાની ૩ બેઠકો બિનહરીફ જાહેર થયેલ છે. વિજયનગર તાલુકા પંચાયતની ચિતરીયા બેઠક પર ઉમેદવારના અવસાનના કારણે ચુંટણી મોકુફ રાખવામાં આવી છે. વહિવટી તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થા માટે કુલ ૧,૦૧૩ પોલીસ સ્ટાફ (તાલુકા પંચાયત માટે ૯૩૨ અને નગરપાલિકા માટે ૮૧ ) તૈનાત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં કુલ ૧૦,૩૬,૧૭૦ મતદારો મતાધિકાર ધરાવે છે. જેમાં જિલ્લા / તાલુકા પંચાયત સ્તરે ૯,૧૮,૧૯૪ અને નગરપાલિકા સ્તરે ૧,૧૭,૯૭૬ મતદારો નોંધાયેલા છે. મતદાન પ્રક્રિયા માટે ૧,૩૪૭ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ચુંટણી માટે ઈવીએમ મશીનોની ફાળવણી પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાં ૨,૯૮૪ સીયુ (કંટ્રોલ યુનિટ) અને ૩,૧૮૪ બીયુ (બેલેટ યુનિટ) નો સમાવેશ થાય છે.

વધુમાં અત્યાર સુધીમાં ૫,૯૫૮ ટપાલ મતપત્રો અને ૨,૦૦૫ સેવા મતદારોને મતાધિકાર માટેની પ્રક્રિયા રવાના કરવામાં આવી છે. મતદાનની ટકાવારી વધારવા માટે વહિવટી તંત્ર દ્વારા સ્વેપ અંતર્ગત વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી છે. આ અંતર્ગત રંગોલી, ચિત્ર, કિવઝ સ્પર્ધા અને જાહેર સ્થળો પર શપથ લેવાના કાર્યક્રમોમાં હજારો બાળકો અને નાગરીકોએ ભાગ લીધો હતો. ખાસ કરીને ૨૧૮ શાળાઓના ૨૬ હજાર બાળકોએ રંગોલી સ્પર્ધામાં ભાગ લઈ મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો છે. મતદારોને ઈવીએમ મશીનથી માહિતગાર કરવા માટે ૧૯ એપ્રિલ ૨૦૨૬ થી નિર્દશન કાર્યક્રમો પણ શરૂ કરવામાં આવ્યા છે. કલેકટરે જિલ્લાના તમામ નાગરીકોને નૈતિક રીતે અને અચુક મતદાન કરવા અપીલ કરી છે.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ, અધિક નિવાસી કલેકટર સુ.શ્રી કિષ્ણા વાઘેલા, નાયબ જિલ્લા ચુંટણી અધિકારી, નાયબ માહિતી નિયામક સહિત મીડીયાના મિત્રો હાજર રહ્યા હતા.

# રાજયની આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં કરાયો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસઈબીસી) માટે ચાલી રહેલી આશ્રમ શાળાઓને મોટી રાહત આપતા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આશ્રમ શાળાઓ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૧૬૦ નિભાવ ગ્રાન્ટ મળતી હતી. પરંતુ હવે તેમાં વધારો કરીને વિદ્યાર્થી દીઠ રૂપિયા ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ કરવામાં આવી છે. નિભાવ ગ્રાન્ટમાં વધારો થવાના કારણે હવે વિદ્યાર્થીઓને રોજીંદા ખર્ચ માટે વધુ આર્થિક સહાય ઉપલબ્ધ થશે.

અગાઉ આશ્રમ શાળાઓમાં રહેઠાણ અને ભોજન માટે વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટની રકમ મર્યાદીત હતી, જેના કારણે સતત મોંઘવારીના સમયમાં સંચાલકો અને વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગ્રાન્ટમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટમાં નોંધપાત્ર વધારો કરાયો છે. આ વધારાથી આશ્રમ શાળાઓમાં રહેઠાણ, ભોજન, શિક્ષણ સંબંધિત સામગ્રી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ પુરી પાડવામાં સરળતા રહેશે. ખાસ કરીને ગ્રામ્ય અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને આ નિર્ણય થી વધુ લાભ મળશે.

આ નિર્ણય થી આશ્રમ શાળાના સંચાલકોને પણ રાહત મળશે. કારણ કે અત્યાર સુધી મર્યાદીત ગ્રાન્ટને કારણે સંચાલનનો ખર્ચ ઉંચો જતો હતો. હવે વધારાની ગ્રાન્ટથી શાળાઓમાં સુવિધાઓ સુધારવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારી ગુણવત્તાવાળી સેવાઓ આપવામાં મદદ મળશે. ૮ એપ્રિલ ૨૦૨૨ ના રોજ ઠરાવ બહાર પાડીને આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧૫૦૦ થી વધારી ને રૂપિયા ૨૧૬૦ કરવામાં આવી હતી, જો કે હવે ૪ વર્ષ બાદ ફરી એકવાર તેમાં વધારો કરવામાં આવ્યો છે. જે અનુસાર હવે રૂપિયા ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ મળશે. રાજય સરકારના આ પગલાને શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

નિષ્ણાંતોના મતે આ પ્રકારના નિર્ણયોથી પછાત વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેનો રસ વધશે અને તેઓ વધુ સારી રીતે અભ્યાસ કરી શકશે. આ રીતે એસઈબીસી આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં વધારો એ એક સકારાત્મક અને સમયોચીત પગલુ સાબિત થશે. જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બનશે.

# અમદાવાદમાં શનિવાર સુધી યલો એલર્ટ, પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચવાની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઉનાળાના આકરા મિજાજ વચ્ચે અમદાવાદમાં હવે કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. અમદાવાદ શહેરમાં આજથી સતત સાત દિવસ માટે ગરમીનું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ સપ્તાહના અંત સુધીમાં શહેરનું તાપમાન વધીને ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે, જેના કારણે અમદાવાદીઓએ આકરી ગરમીનો સામનો કરવો પડશે.IMDના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા સેટેલાઈટ ડેટા અને આધુનિક ટેકનોલોજીની મદદથી શહેરના કુલ ૭૬ વિસ્તારોને 'હીટ હોટસ્પોટ્સ' તરીકે જાહેર કર્યા છે. પૂર્વ અમદાવાદમાં લાંભા વોર્ડમાં સૌથી વધુ ૧૨ હોટસ્પોટ્સ નોંધાયા છે.

# જો મંદિરોમાં સંપ્રદાયો અને સંપ્રદાયોના આધારે પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવે તો હિન્દુ ધર્મ પર પ્રતિકૂળ અસર પડશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સર્વોચ્ચ અદાલતે ગયા અઠવાડિયે અવલોકન કર્યું કે જો મંદિરો અને "મઠ" કોઈ ધર્મમાં સંપ્રદાય અને અલગ સંપ્રદાયોના આધારે પ્રવેશ પર પ્રતિબંધ મૂકે તો હિન્દુ ધર્મ પર પ્રતિકૂળ અસર પડશે અને સમાજ વિભાજિત થશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે વરિષ્ઠ વકીલ સી.એમ. વૈધનાથનની રજૂઆતનો જવાબ આપતા આ મૌખિક અવલોકનો કર્યા હતા કે બંધારણની કલમ ૨૬ (બી) ધાર્મિક સંપ્રદાયને તેના પોતાના કામકાજનું સંચાલન કરવાનો અધિકાર આપે છે. અને કલમ ૨૫(૨)(બી) પર પ્રાધાન્યતા ધરાવશે. જે રાજયને જાહેર પ્રકૃતિની તમામ હિન્દુ ધાર્મિક સંસ્થાઓ ખોલવાની સત્તા આપે છે.

કેરળ ના ઐતિહાસિક સબરીમાલા મંદિરના ભગવાન અયપ્પાના ભક્તો વતી વૈધનાથન કોર્ટમાં હાજર રહ્યા હતા. ન્યાયાધીશ બી.વી. નાગરત્ન, એમ.એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ,પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને જોયમલ્યા બાગચીનો સમાવેશ કરતી બેન્ચ સબરીમાલા મંદિર સહિત ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના ભેદભાવ અને બહુવિધ ધર્મો ધ્વારા પાળવામાં આવતી ધાર્મિક સ્વતંત્રતાના કાર્યક્ષેત્ર અને અવકાશ સંબંધીત અરજીઓની સુનાવણી કરી રહી છે.

જસ્ટિસ નાગરત્ને કહ્યું કે, રાજય કલમ ૨૫(૨)(બી) હેઠળ સમાજના તમામ વર્ગોને મંદિરોમાં પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે દખલ કરી શકે છે. જસ્ટિસ કુમારે વૈધનાથનને એમ પણ કહ્યું કે તેથી જ અમે કહ્યું હતું કે દલીલને ખૂબ ઊંચી ન કરો. તેમના દલીલનો ઉલ્લેખ કરતાં કે કલમ ૨૬(બી) કલમ ૨૫(૨)(બી) ને રદ કરે છે.

આમ અન્ય લોકોને બાકાત રાખવામા આવશે તો તે હિન્દુ ધર્મ માટે સારું નથી. ધર્મ પર પ્રતિકૂળ અસર ન થવા દો. તે સંપ્રદાય માટે પ્રતિકૂળ રહેશે. ધર્મ માટે અનુકૂળ જ રહેવા દો.

"નામ મે ક્યાં રખ્ખા હૈ?"

# છોટુ કાલુ, શેરું જેવા નામો પર રાજસ્થાન સરકારનો પ્રતિબંધ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાન સરકાર એવા વિદ્યાર્થીઓના નામોને સુધારવાનો પ્રયાસ કરે છે કે જેનો અર્થ એ છે કે, "છોટુ", "કાલું", "શેરું" અને આવા અનેક નામો હવે રાજસ્થાનના વર્ગખંડોમાં વાપરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હા ભારતમાં નાના બાળકોને આપવામાં આવતા સામાન્ય "પાલતુ પ્રાણીઓના નામ" હવે રાજસ્થાન ની સરકારી શાળાઓમાં માન્ય રહેશે નહીં. આ હાંસલ કરવા માટે રાજય સરકારે "સાર્થક નામ અભિયાન" (અર્થ પૂર્ણ નામ અભિયાન) શરૂ કર્યું છે. આ વિભાગનો અંદાજ છે કે, સરકારી અને ખાનગી શાળાઓમા આવા ૨૦૦૦ થી ૩૦૦૦ કેસ છે.

સરકારે દાવો કર્યો છે કે, આ પહેલ અયોગ્ય, અસ્પષ્ટ અથવા નકારાત્મક અર્થ ધરાવતા નામોને દૂર કરવા અને તેમને વધુ અર્થપૂર્ણ અને આદરણીય વિકલ્પો ધરાવતા નામોથી બદલવા માટે શરૂ કરવામાં આવી છે. સરકારના મતે કાજોદમલ, શેરું, કાલું, ટિંકુ ને સમાન પરંપરાગત નામોને "કૃષ્ણ", "અથર્વ", "આરવ" અને "અખંડ" જેવા અન્ય આદરણીય નામોથી બદલવા જોઈએ. સ્થાનિક પહેલ સમુદાયોમાં સામાજિક વર્તનને કેવી રીતે અસર કરે છે?

મધ્યપ્રદેશના ગામડામાં થયેલી સ્થાનિક પહેલ, સામાજિક વર્તનને નોંધપાત્ર રીતે બદલી શકે છે. અપશબ્દો સામે નિયમો લાગુ કરીને અને રાષ્ટ્રગીત ગાવા જેવી સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ ધ્વારા આદરને પ્રોત્સાહન આપીને આ પહેલો વધુ આદરણીય અને સુમેળભર્યા સમુદાય વાતાવરણને પ્રોત્સાહન આપે છે. આવા ફેરફારો માત્ર જાહેર આચરણમાં સુધારો કરતાં નથી. પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને પણ સશકત બનાવે છે. જેનાથી એકંદર સમુદાયની સુખાકારીમાં વધારો થાય છે. મંત્રીએ કહ્યું કે સત્તાવાર રેકોર્ડમાંથી જાતિ આધારિત અથવા અપમાનજનક શબ્દોને દૂર કરવાની તાત્કાલિક જરૂર છે.

# ચુંટણીના દિવસે મતદાનની ફરજ બજાવનાર સ્ટાફ ને બીજે દિવસે સોમવારે જાહેર રજા પરંતુ કચેરીએ નહી આવે તો પણ ઓન ડયુટી ગણાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન ૨૬ એપ્રિલને રવિવારે યોજાનાર છે. આ દિવસે લાંબા સમય સુધી ફરજ બજાવનારો સ્ટાફ જો બીજા દિવસે કચેરીએ હાજર ન રહી શકે તો તેમને ફરજ પર જ ગણવા સુચના જારી કરવામાં આવી છે.

રાજય ચુંટણી આયોગના સચિવ આર જી ગોહિલ દ્વારા શહેર/ જિલ્લા / મ્યુનિસીપલ તેમજ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરોને સુચના જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયુ છે કે ચુંટણી મતદાનની તારીખ ૨૬ મી એપ્રિલ અને પુનઃ મતદાન કરવાની જરૂરીયાત ઉભી થાય તો ૨૭ મી એપ્રિલને સોમવારે તેમજ મતગણતરી ૨૮ મી એપ્રિલને મંગળવારે યોજવામાં આવશે. મતદાનના દિવસે ચુંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પુરૂ થયા બાદ રીસીવીંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો વધુ અંતર હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા પહોચતા હોય છે. કેટલાક કિસ્સામાં મતદાન ટુકડીઓને તબકકાવાર રીસીવીંગ સેન્ટર પર પહોચતા વિલંબ થતો હોય છે.

આમ ચુંટણી સ્ટાફ લાંબા સમયગાળા સુધી ફરજ પર હોવાથી મતદાનના બીજા દિવસે તેમને કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી થતી હોય છે.

આથી જો આવા કર્મચારીઓ મુળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની તેમની હાજરી ગણવાની રહેશે અને તેઓએ મુળ કચેરી ખાતે હાજર થવાનુ રહેશે નહી. જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ મતદાનના બીજા દિવસે જો ચાલુ દિવસ હોય તો પણ ચુંટણી સ્ટાફને ફરજ પર ગણવાના રહેશે તેવી સુચનામાં જણાવાયુ છે.

૨૦૨૩ માં પસાર થયેલુ મહિલા અનામત બીલ ની અમલવારી કરાવો : મુકુલ વાસનિક

# મહિલા અનામત બીલના નામે રાજકીય લાભ લેવા અને દેશનુ ધ્યાન ભટકાવવાનો પ્રયાસ : અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



વડોદરામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે એક તરફ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ છે. તો બીજી તરફ દેશની સામાન્ય પ્રજા મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મુશ્કેલીઓથી ત્રસ્ત બની ગઈ છે. આવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે સરકાર મુળ પ્રશ્નોનો ઉકેલ લાવવાના બદલે મહિલા અનામત બીલના નામે રાજકીય લાભ લેવા અને દેશનુ ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરીષ્ઠ મહામંત્રી, ગુજરાત કોંગ્રેસના પ્રભારી અને સાંસદ મુકુલ વાસનિકે જણાવ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે કહે છે કે મહિલાઓના સશકિતકરણ માટેનો સાચો ઐતિહાસિક અને પ્રગતિશીલ પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. સરોજીની નાયડુ ને ૧૯૨૫ માં કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાથી લઈને રાજીવ ગાંધીના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની શરૂઆત કરવી, તેમજ બાદમાં અનેક રાજયોમાં તેને ૫૦ ટકા સુધી વધારવામાં કોંગ્રેસની વિચારધારા અને પ્રતિબધ્ધતા સ્પષ્ટ થાય છે. સાંસદ મુકુલ વાસનિકે વધુમાં જણાવ્યુ હતુ કે મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે કોંગ્રેસ સતત સમર્થન આપતી હોય છે. પરંતુ મહિલા અનામત બીલના નામે રાજકીય ફાયદો મેળવવાનો પ્રયાસ અને તેનો અમલ ટાળવાની નીતિ સામે કોંગ્રેસે સ્પષ્ટ માંગણી કરી છે કે ૨૦૨૩ માં પસાર થયેલા બીલને તાત્કાલીક અમલ કરવામાં આવે અને તેમાં એસસી, એસટી અને ઓબીસી વર્ગ ની મહિલાઓને પણ યોગ્ય અનામત આપવામાં આવે, જેથી સાચા અર્થમાં મહિલા સશકિતકરણ શકય બને.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યુ હતુ કે મહિલા સશકિતકરણ અને નારી સન્માનની સાચી અને ઐતિહાસિક શરૂઆત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કરી છે. ૧૯૨૫ માં સરોજીની નાયડુ ને કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરી મહિલાઓને રાજકીય નેતૃત્વમાં સ્થાન આપવાની પરંપરા કોંગ્રેસે શરૂ કરી, ત્યારબાદ દેશને પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ઈન્દીરા ગાંધીનુ મજબુત નેતૃત્વ મળ્યુ અને પ્રતિભા પાટીલ દેશની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા, સ્વર્ગસ્થ રાજીવ ગાંધીજીના દુરંદેશી વિચારોના કારણે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત મળ્યુ, જેના પરીણામે લાખો મહિલાઓ રાજકીય નેતૃત્વમાં આગળ આવી અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદાર બની કોંગ્રેસ પાર્ટીનુ સ્પષ્ટ અને અડગ મંતવ્ય છે કે ૨૦૨૩ માં પાર્લામેન્ટમાં પસાર થયેલ મહિલા અનામત બીલ નો તાત્કાલીક અમલ થવો જોઈએ. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે એક જુટ થયા છે. પરંતુ ભાજપ સરકારે સીમાંકન અને સીટ વધારાના રાજકીય એજન્ડા સાથે આ મહત્વપૂર્ણ મુદ્દાને ગુંચવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ પાર્ટી સ્પષ્ટપણે માંગ કરે છે કે એસસી, એસટી અને ઓબીસી વર્ગ ની મહિલાઓને પણ યોગ્ય અનામત મળે અને મહિલાઓને તેમના અધિકાર, સન્માન અને સમાન ભાગીદારી મળવા માટે કોંગ્રેસની લડત પહેલા પણ હતી.

# કોંગ્રેસ જીતી તો રૂપિયોય ગ્રાન્ટ નહી મળે: આણંદના સાંસદ મિતેશ પટેલનુ વિવાદાસ્પદ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પડઘમ વાગ્યા છે અને રાજકીય પક્ષો વચ્ચે રસ્સાખેંચ અને મતદારોને આકર્ષવાની કવાયત તીવ્ર બની છે. સત્તાધારી પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બધા જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

આણંદ જેવા આણંદમાં પણ રાજકીય પ્રચારનો ગરમાવો જાણે હાલની ગરમીને આંટી મારી દે તેવો બની ગયો છે. આણંદના સાંસદ મિતેશ પટેલે હવે જાણે મતદારોને ધમકી આપતા હોય તે ભાષામાં જણાવ્યુ હતુ કે ભુલ થી પણ કોંગ્રેસ જીતી તો રૂપિયોય ગ્રાન્ટ નહી મળે, સાંસદ મિતેશ પટેલે આંકલાવ ખાતે આયોજીત જાહેરસભામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં ગ્રાન્ટ ફાળવવાને લઈને કરેલી ટીપ્પણીએ ગુજરાતના રાજકારણને હચમચાવી નાખ્યુ છે. ચુંટણીમાં અત્યાર સુધીમાં રાજકીય પક્ષો એકબીજા સામે આક્ષેપો કરતા હતા, ઉમેદવારોને તોડતા હતા અને ધાકધમકી આપતા હતા. હવે તેઓ મતદારોને પણ ધમકાવવા ઉતરી આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે જો આંકલાવ વિસ્તારની અંદર જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતની એકપણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જીતશે તો આ વિસ્તારે વિકાસ ભુલી જવો પડશે, વિકાસ માટે કોઈ ગ્રાન્ટ જ નહી મળે, મિતેશ પટેલે આ વાત કયાંય ચોરી છુપી થી કરી ન હતી, ખુલ્લા મંચ પરથી કરેલા ભાષણમાં જણાવ્યુ હતુ કે જિલ્લા અને તાલુકા પંચાયતમાં વિપક્ષ જીતશે તો ત્યાં વિકાસના કાર્યો માટે રૂપિયા જ નહી અપાય, રૂપિયો પણ નહી મળે, ભાજપના આ સાંસદના નિવેદન સામે કોંગ્રેસે પણ વળતો પ્રહાર કર્યો છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ જણાવ્યુ હતુ કે એક સાંસદની વાત તે સીધી રીતે બંધારણનો પણ ભંગ છે અને પ્રજાના અધિકારોનો ભંગ છે, આ પ્રકારનુ નિવેદન સીધી તુમાખીજ કહેવાય, આણંદની પ્રજા આ પ્રકારના નિવેદનથી ડરે તેમ નથી. તેઓ તો જે તે વિસ્તારમાં જે મુજબ કામ થયુ હશે તે મુજબ મત આપશે,

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને ઈડર માં બળવો કરનાર ભાજપના ૧૦ જેટલા કાર્યકરોને સસ્પેન્ડ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ સાબરકાંઠા જિલ્લા ભાજપમાં ચાલી રહેલો આંતરીક અસંતોષ સપાટી પર આવ્યો છે. પક્ષના અધિકૃત ઉમેદવારો સામે અપક્ષ તરીકે મેદાનમાં ઉતરેલા બળવાખોરો વિરૂધ્ધ જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે લાલ આંખ કરી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ હિંમતનગર એ ઈડર નગરપાલિકાના કુલ ૧૦ કાર્યકરોને તાત્કાલીક અસર થી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ દ્વારા લેવાયેલી આ કાર્યવાહીમાં ઈડર નગરપાલિકાના વોર્ડ નં. ૧ અને ૨ તેમજ ૭ માં પક્ષના આદેશનુ ઉલ્લંઘન કરનાર ઉમેદવારોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે હિંમતનગર નગરપાલિકાના વોર્ડ નં. ૬ માં પણ પક્ષ સામે બળવો કરી ઉમેદવારી નોંધાવનાર કાર્યકરો વિરૂધ્ધ શિસ્તભંગના પગલા ભરાયા છે. આ કડક કાર્યવાહીથી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે. પક્ષમાંથી સસ્પેન્ડ કરાયેલા બળવાખોર નેતાઓમાં (૧) જયસિંહ તંવર (૨) દિપક ભાટી અને પારૂલ કોઠારીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પ્રદિપકુમાર શાહ, હિંમતસિંહ વણજારા, મનિષા પંડયા અને ફીરોજબાનુ બલોચ ને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સંજય ભોઈ, કેવલ દોશી અને રમીલાબેન પટેલ સામે પણ પક્ષે આકરૂ વલણ અપનાવ્યુ છે. ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ચુંટણી ટાંણે શિસ્તભંગ સહેજપણ ચલાવી લેવામાં આવશે નહી.

# ઓફીસ જવા-આવવાનો રસ્તો પણ હવે ઓન ડયુટી ગણાશે : અકસ્માતમાં મોત થાય તો તે ફરજ પર ગણાશેઃ ગુજરાત હાઈકોર્ટ નો ઐતિહાસિક ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત હાઈકોર્ટે રાજયના લાખો ખાનગી અને સરકારી કર્મચારીઓના હિતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમા ચિન્હરૂપ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે નેશનલ એકસ્ટેન્શન ઓફ એમ્પ્લોયમેન્ટ (રોજગારના સૈધ્ધાંતિક વિસ્તરણ) ના સિધ્ધાંતને પ્રાધાન્ય આપતા ઠરાવ્યુ છે કે જો કોઈ કર્મચારીનુ ઓફીસ પહોચતા પહેલા અથવા કામ પુરૂ કરીને ઘરે પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ થાય તો તેને ચાલુ ફરજ દરમિયાન થયેલુ મૃત્યુ જ માનવામાં આવશે.

આ ચુકાદાને પગલે હવે કર્મચારીના પરીવારજનો વળતર અધિનિયમ હેઠળ આર્થિક સહાય મેળવવા માટે હક્કદાર બનશે. જસ્ટીસ જે સી દોશી એ આ કેસની સુનાવણી દરમિયાન સ્પષ્ટ કર્યુ હતુ કે નોકરી પર જવા કે ત્યાંથી પરત આવવા વચ્ચેનો સમયગાળો એ રોજગારનો જ એક અભિન્ન ભાગ છે. આ આદેશથી વિમા કંપનીઓની એ દલીલનો અંત આવ્યો છે. જેમાં તેઓ અકસ્માત ઓફીસની બહાર થયો હોવાનુ કહી વળતર ચુકવવાથી હાથ ઉંચા કરી દેતી હતી. હાઈકોર્ટે વિમા કંપનીની અપીલને ફગાવીને માનવીય અભિગમ સાથે કામદારોના પક્ષમાં મોટો નિર્ણય સંભાળાવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૦૨ માં સુરતની સાલાસર પોલીટેકસ પ્રા.લી. માં ડીલીવરી કલાર્ક તરીકે ફરજ બજાવતા વિજયકુમાર વાંકાલાનુ નોકરી પુરી કરીને ઘરે પરત ફરતી વખતે માર્ગ અકસ્માતમાં મોત થયુ હતું. વર્ષ ૨૦૦૬ માં વર્કમેન કમિશ્નરે મૃતકના પરીવારને વ્યાજ અને પેનલ્ટી સાથે વળતર ચુકવવા વિમા કંપનીને આદેશ આપ્યો હતો. જો કે વિમા કંપનીએ આ હુકમ સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે અકસ્માત સમયે કર્મચારી ફરજ પર ન હતો. પરંતુ હાઈકોર્ટે વિમા કંપનીની આ દલીલોને ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદો આપતી વખતે સુપ્રિમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકયા હતા, જેમાં કર્મચારી જયારે ઘર થી નોકરી માટે નિકળે છે ત્યારે જ તેની રોજગારી શરૂ થઈ જાય છે અને જયાં સુધી તે ઘરે પરત ન ફરે ત્યાં સુધી તે તેના કામનો જ ભાગ ગણાય છે. વિમા કંપનીને માત્ર એટલા માટે વળતર નકારી શકે નહી કે અકસ્માત ફેકટરી કે ઓફીસના પ્રિમાઈસીસ ની બહાર થયો છે. વિમા કંપની માત્ર એટલા માટે વળતર નકારી શકે નહી કે અકસ્માત ફેકટરી કે ઓફીસના પ્રિમાઈસીસ ની બહાર થયો છે. હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે જમા થયેલી વળતરની રકમ યોગ્ય તપાસ બાદ મૃતકના વારસદારોને તાત્કાલીક અસરથી ચુકવી દેવામાં આવે. અત્યાર સુધી અનેક કિસ્સાઓમાં વિમા કંપનીઓ ઓન ડયુટીના સાંકડા અર્થઘટનને કારણે વળતર ચુકવવામાં વિલંબ કરતી હતી. અથવા મનાઈ કરતી હતી. ગુજરાત હાઈકોર્ટના આ સ્પષ્ટ મંતવ્ય બાદ હવે માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર કર્મચારીઓના પરીવારોને કાનુની રક્ષણ મળશે. આ ચુકાદો કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ ના અમલીકરણમાં એક નવી દિશા બતાવશે અને લાંબા સમયથી લટકતા કેસોમાં માર્ગદર્શક સાબિત થશે.

# શિક્ષણના ધામમાં દારૂની બદી : અરવલ્લી જિલ્લામાં ચાલુ શાળાએ નશામાં ધુત શિક્ષક ઝડપાતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિદ્યા ના ધામને કલંકીત કરતી એક શરમજનક ઘટના બહાર આવી છે. મોડાસાની અમલાઈ જુથ પ્રાથમિક શાળામાં એક શિક્ષક નશાની હાલતમાં ફરજ બજાવતા રંગે હાથ ઝડપાયા છે. જે શિક્ષકના ખભે બાળકોનુ ભવિષ્ય ઘડવાની જવાબદારી છે. તો જ શિક્ષક દારૂ પી ને કલાસ રૂમમાં બેઠા હોવાનુ બહાર આવતા વાલીઓ અને શિક્ષણ જગતમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટનાએ ફરી એકવાર શાળાઓમાં શિક્ષકોની નૈતિકતા અને શિસ્ત સામે મોટા સવાલો ઉભા કર્યા છે. મોડાસાની અમલાઈ જુથ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં ફરજ બજાવતા શિક્ષક યશવંત કડીયા આજે ચાલુ શાળાએ નશાની હાલતમાં જોવા મળ્યા હતા. નવાઈની વાત તો એ છે કે નિર્દોષ ભુલકાઓને ભણાવવાને બદલે આ શિક્ષક દારૂના નશામાં ધુત થઈને કલાસ રૂમમાં જ બેસી રહ્યા હતા. નાના બાળકો સામે જ એક શિક્ષકનુ આવુ ગેરવર્તન જોઈને અન્ય સ્ટાફ પણ સ્તબ્ધ થઈ ગયો હતો. શિક્ષકની આવી હાલત જોઈને શાળાના અન્ય જાગૃત શિક્ષકોએ જરા પણ સંકોચ રાખ્યા વગર કડક પગલુ ભર્યુ હતું. યશવંત કડીયાની હાલત જોઈ અન્ય શિક્ષકોએ તાત્કાલીક મોડાસા રૂરલ પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી તપાસ કરતા શિક્ષક ખરેખર નશાની હાલતમાં મળી આવ્યા હતા. સાથી કર્મચારીઓ દ્વારા જ આ પ્રકારની પોલ ખોલવામાં આવતા સમગ્ર પંથકમાં આ કિસ્સો ચર્ચાનો વિષય બન્યો છે. મોડાસા રૂરલ પોલીસે નશામાં ધુત શિક્ષક યશવંત કડીયાની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે શિક્ષકનુ બ્લડ સેમ્પલ લઈને તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપ્યુ છે.

દારૂબંધીના કાયદા હેઠળ ગુન્હો નોંધીને પોલીસ હવે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. પોલીસની આ ત્વરીત કાર્યવાહીને કારણે અન્ય ગુલ્લીબાજ અને બેજવાબદાર શિક્ષકોમાં પણ ફફડાટ વ્યાપી ઉઠયો છે. આ ઘટનાની જાણ થતા જ જિલ્લા શિક્ષણ વિભાગમાં પણ દોડધામ મચી જવા પામી હતી. પ્રાથમિક તપાસ બાદ આ શિક્ષક સામે ખાતાકીય તપાસ પણ શરૂ કરવામાં આવશે તેવુ મનાઈ રહ્યુ છે. બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરનાર અને શાળાની ગરીમાને ઠેસ પહોચાડનાર આવા શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગ વાલીઓ દ્વારા ઉઠી છે.

# છારોડી ગામે વૃદ્ધાની હત્યા! હત્યારાઓએ મૃતદેહ સળગાવવાનો પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલા છારોડી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાની તેના જ ઘરમાં શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ લૂંટના ઈરાદે અથવા અદાવતમાં થયેલી હત્યા હોવાનું જણાઈ રહ્યું છે. મળતી વિગતો અનુસાર, છારોડી ગામમાં રહેતા ૬૫ વર્ષીય મદીનાબાનુ કુરેશી નામના વૃદ્ધાના ઘરની બહાર મોડે સુધી તાળું જોવા મળતા ગ્રામજનોને શંકા ગઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવની આશંકાએ ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. સાણંદ GIDC પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઘરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો ત્યારે મદીનાબાનુનો લોહીલુહાણ દેહ મળી આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા SOG, LCB અને FSLની ટીમો પણ તાત્કાલિક છારોડી ગામે દોડી આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અજાણ્યા શખસોએ વૃદ્ધા પર કોઈ બોથડ પદાર્થ વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. એટલું જ નહીં, હત્યારાઓએ પુરાવાનો નાશ કરવા માટે લાશને સળગાવવાનો પણ પ્રયાસ કર્યો હોવાની આશંકા છે. હત્યાની આ ઘટનાને પગલે ગામમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે સાણંદ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. શું લૂંટના ઈરાદે હત્યા થઈ?, શું કોઈ અંગત અદાવત જવાબદાર છે? હાલ આ સવાલોના જવાબ મેળવવા પોલીસ તપાસ કરી રહી છે.